ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૯(૧૩)(૫)માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૬/૦૯/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૮/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ.

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૯/૦૯/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ..

(૩) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરનો તા.૦૮/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંક:મઉમશબ/૨૦૧૯/૭૪૯૧.

આ મુ ખ-

શિક્ષણ વિભાગના સંદર્ભ (૧) અને (૨) સામે દર્શાવેલ ઠરાવોથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૯(૫)માં જરૂરી સુધારા કરવામાં આવેલ હતા. ત્યારબાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંદર્ભ (૩)ના પત્ર સાથેની સીંગલ ફાઇલની નોંધથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૯(૧૩)(૫)માં સુધારો કરવા અંગે યોગ્ય કક્ષાએ મંજૂરી મેળવી જરૂરી સુધારો બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૯(૧૩)(૫)માં હાલની જોગવાઇને બદલે આ સાથે સામેલ પત્રક મુજબ સુધારેલી જોગવાઇને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો સીંગલ ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૯/૦૭/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ટી.એસ.પટેલ )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

P.T.O.

Scanned by CamScanner

શિક્ષણ વિભાગના તા.૧૬/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ સાથેનું બિડાણ

| વિનિયમ ક્રમાંક | શિક્ષણ વિભાગના તા.૨૯/૦૯/૨૦૧૮ના ઠરાવના બિડાણ મુજબ હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| ૯(૧૩)(૫) | <u>નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે આવશ્યક સુવિધાઓ:-</u><br>(૫) નવી માધ્યમિક શાળાની દરખાસ્ત કરનાર સંચાલક મંડળ તેમની શાળા શહેરી વિસ્તારમાં { નગરપાલિકા, મહાનગરપાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન), શહેરી વિકાસ સત્તા મંડળ, એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી, નોટીફાઇડ એરીયા વગેરે જેવા શહેરી વિસ્તાર } શરૂ કરવા માંગતી હોય તો શાળાનાં મકાનના બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત ગમતના મેદાન માટે પોતાની માલિકીની ઓછામાં ઓછી ૧૨૦૦ ચો.મી. જગા ખુલ્લી હોવી જોઇશે. જ્યારે ગ્રામ્ય વિસ્તાર(ગ્રામ પંચાયત) માટે શાળાના મકાન બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત ગમતનાં મેદાન માટે ઓછામાં ઓછી ૨૦૦૦ ચો.મી. જમીન ખુલ્લી હોવી જોઇશે. રમત ગમતના મેદાન માટેની જમીન શાળા મંડળની માલિકીની હોવી જોઇશે અને શાળાના મકાનની સાથે જ (સંલગ્ન એકજ કેમ્પસમાં) હોવી જોઇશે. રમત ગમતના મેદાનના વિસ્તારમાં, રસ્તા માટે કે પાર્કિંગ માટે કે GDCR-2017ની જોગવાઇ હેઠળ છોડવી પડેલી જમીનના વિસ્તારનો સમાવેશ કરવાનો રહેશે નહિં.<br>ઉપર દર્શાવેલ રમતગમતના મેદાન માટેની ઓછામાં ઓછી જગા ધરાવનાર શાળા ૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે નહિં પરંતુ ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે વધારાના દરેક વિદ્યાર્થી દીઠ ૫ ચો.મી. જગા રમત | ૧. ભાડેથી મેદાન લેવાંની જોગવાઇ કરવામાં આવે તો મેદાનની જમીન જે તે શાળાના બિલ્ડીંગને સંલગ્ન જ હોવી જોઇએ. ભાડાપટ્ટો ૧૫ વર્ષનો હોવો જોઇએ.<br>શહેરી વિસ્તારમાં શાળા શરૂ કરવા માંગતા ટ્રસ્ટ / મંડળે શાળાના મકાનનો વિસ્તાર, પાર્કિંગ માટે છોડવી પડતી જગ્યા અને રસ્તા તેમજ માર્જીનની જમીન બાદ કર્યા બાદ, રમત ગમતનું મેદાન લઘુતમ ૮૦૦ ચો.મી. ક્ષેત્રફળનું રાખવાનું રહેશે અને ગ્રામ્ય વિસ્તાર [ગ્રામ પંચાયત વિસ્તાર] માટે શાળાના રમત ગમતનું મેદાન ૧૫૦૦ ચો.મી.નું રાખવાનું રહેશે.<br>૨. ભાડા કરાર રજીસ્ટર્ડ હોવો જોઇએ. ગામ દફ્તર નમુના નં.૬/ સીટી સર્વે રેકર્ડ, ૭/૧૨, ૮/અ માં જે તે મિલ્કતમાં ભાડા કરારની એન્ટ્રી થવી જોઇએ. જેથી ભાડે લેનાર ટ્રસ્ટનું નામ રેવન્યુ રેકર્ડમાં આવે અને અન્ટ્રીમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ થાય કે ભાડા કરારની શરતોનું પાલન થયા બાદ જ ભાડે આપેલ મિલ્કતના હકમાં કોઇપણ ફેરફારની મંજૂરી આપવામાં આવે.<br>૩. ચેરીટી કમિશનરશ્રીની પરવાનગી અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરવાનગી સિવાય ભાડા કરારના સમય દરમ્યાન મેદાંનનો કોઇપણ અન્ય ઉપયોગ ન થવો જોઇએ. અને ઉક્ત તમામ બાબતનો અરજદાર ટ્રસ્ટ દ્વારા રજુ થતી એફિડેવીટમાં સમાવેશ થયેલ હોવો જોઇએ.<br>૪. ભાડા કરારની મુદત દરમ્યાન જો કોઇ ફેરફાર થાય તો તે શાળાની મંજૂરી આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે અને તે બાબતે કોઇ |

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| | ગમતના મેદાન માટે વધારાની ઉપલબ્ધ કરવી જોઇશે.<br>મેદાનની જગ્યામાં ભવિષ્યમાં કોઇ મકાન બાંધકામ કરી શકશે નહિં. મેદાન કાયમી ધોરણે ખુલ્લુ રહેવું જોઇએ.<br>શાળા મંડળ પાસે GDCR-2017ની નીતિના પેરા નંબર-૮.૬માં પાર્કિંગ માટે શૈક્ષણિક સંસ્થામાં જરૂરી પાર્કિંગ માટે જે જોગવાઇ કરેલ છે, તે મુજબનું પાર્કિંગ હોવું જોઇશે. ગ્રામ્ય વિસ્તારમાં પણ યોગ્ય પાર્કિંગની વ્યવસ્થા કરવાની શાળા મંડળની જવાબદારી રહેશે. | રજુઆત ધ્યાને લેવામાં આવશે નહિં તે બાબતનો પણ એફિડેવીટમાં સમાવેશ થવો જોઇએ.<br>૫. કોઇ પબ્લીક લીમીટેડ કંપની કે પ્રાઇવેટ લીમીટેડ કંપની માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે CSR હેઠળ જે કામ કરવા માંગતી હોય તો તેને ભાડાપટ્ટેથી શાળાનું મકાન અને મેદાનની જમીનનો વપરાશ કરવા માટે આપવામાં આવે તો તેવી કંપનીને ખાસ કિસ્સામાં પરવાનગી આપવી.<br>૬. મેદાન સાથેની શાળાઓમાં બનતી દુર્ઘટના પ્રસંગે બાળકોની સલામતી માટે ઝડપથી બચાવના પગલાં લઇ શકાય છે. જેથી મેદાન ન હોય તેવી કોઇપણ સ્કુલ ચલાવી શકાશે નહિં.<br>ઉપર દર્શાવેલ રમતગમતના મેદાન માટેની નિયમાનુસાર જગા ધરાવનાર શાળામાં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો ૫૦૦ થી વધારાના દરેક વિદ્યાર્થી દીઠ ૫ ચો.મી. જગા રમત ગમતના મેદાન માટે વધારાની ઉપલબ્ધ કરવી જોઇશે.<br>મેદાનની જગ્યામાં ભવિષ્યમાં કોઇ મકાન બાંધકામ કરી શકશે નહિં. મેદાન કાયમી ધોરણે ખુલ્લુ રહેવું જોઇએ.<br>શાળા મંડળ પાસે GDCR-2017 ની નીતિના પેરા નંબર-૮.૬માં પાર્કિંગ માટે શૈક્ષણિક સંસ્થામાં જરૂરી પાર્કિંગ માટે જે જોગવાઇ કરેલ છે, તે મુજબનું પાર્કિંગ હોવું જોઇશે. ગ્રામ્ય વિસ્તારમાં પણ યોગ્ય પાર્કિંગની વ્યવસ્થા કરવાની શાળા મંડળની જવાબદારી રહેશે. |

Scanned by CamScanner